રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૦–૯–૨૦૧૭

—:: અખબારી યાદી ::—

## ૭–નગરપાલિકાઓની ૯ બેઠકો માટેની પેટા ચૂંટણીમાં પ્રાથમિક અંદાજો પ્રમાણે થયેલ મતદાનની ટકાવારી

રાજય ચૂંટણી આયોગે રાજયની ૯ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ કુલ ૧૨ બેઠકોની પેટા ચૂંટણી તા.૧૦–૦૯–૧૭ના રોજ યોજવા તા.૧૪–૦૮–૨૦૧૭ના રોજ કાર્યક્રમ જારી કરેલ.

પેટા ચૂંટણી હેઠળની નગરપાલિકાઓ પૈકી વાંકાનેર નગરપાલિકામાં ઉમેદવાર બિન હરીફ થયેલ છે,બગસરા નગરપાલિકાના વોર્ડ નં.૧ની કલેકટરશ્રી અમરેલીએ આપેલ મનાઈ હુકમના કારણે તથા વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.૬ની પેટા ચૂંટણી નામ. હાઈકોર્ટના મનાઈ હુકમના કારણે યોજવામાં આવેલ નથી. આમ આજરોજ ચૂંટણી હેઠળની ૭ નગરપાલિકાઓની ૯ બેઠકો માટે પેટા ચૂંટણીમાં ભા.જ.પ.ના–૯, ભા.રા.કો.ના–૯,અને અપક્ષ–૭ એમ મળી ૨૫ ઉમેદવારો હરીફાઈમાં રહેલ છે

પેટાચૂંટણી હેઠળની નગરપાલિકામાં વીજાણું મતદાન યંત્રો (ઈ.વી.એમ.) દ્વારા મતદાન લેવામાં આવેલ છે. આજરોજ મળેલ પ્રાથમિક અહેવાલ મુજબ ૭ નગરપાલિકાઓની ઉકત ૯ બેઠકોમાં સરેરાશ ૪૫.૬૯ ટકા મતદાન થયાના અહેવાલો મળેલ છે. મતદાન એકંદરે શાંતિપૂર્ણ સંપન્ન થયેલ છે. કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી.

મત ગણતરી તા.૧૨–૦૯–૨૦૧૭ના રોજ હાથ ધરવામાં આવશે. વીજાણું મતદાન યંત્રોથી ચૂંટણી થયેલ હોવાથી બપોર સુધીમાં પરિણામો જાહેર થશે.

રાજય ચૂંટણી આયોગ શાંતિપૂર્ણ મતદાન માટેના સહયોગ બદલ નગરપાલિકાના પેટા ચૂંટણી હેઠળના મતદારો, રાજકીય પક્ષો, ઉમેદવારો, મીડીયા, ચૂંટણી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ / કર્મચારીઓ તથા પોલીસ તંત્ર અને જાહેર જનતાનો આભાર માને છે.

સંયુકત કમિશ્નર
રાજય ચૂંટણી આયોગ
ગાંધીનગર

**પ્રતિ,**
**માહિતી કમિશ્નરશ્રી,**
**ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
**( આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી સહ.)**

**નકલ રવાના :–**

**(૧) માનનીય કમિશ્નરશ્રીના રહસ્ય સચિવશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર**
**(૨) સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર**
**(૩) રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ**



Scanned by CamScanner

**સમય : ૮–૦૦ થી ૫–૦૦**

## તા.૧૦–૦૯–૨૦૧૭ના રોજ ૯–નગરપાલિકાની પેટા ચૂંટણીઓની ટકાવારી દર્શાવતું પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ / જિલ્લા / તાલુકા પંચાયતનું નામ | નગરપાલિકા વોર્ડ નંબર / તાલુકા / જિલ્લા મતદાર મંડળનું નામ અને નંબર | કુલ વોર્ડ / મતદાર મંડળ | કુલ બેઠકો | મતદારોની સંખ્યા | | | મતદાન કરેલ મતદારોની સંખ્યા | | | ટકાવારી | | | કાયદો / વ્યવસ્થાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે કે કેમ ? હા / ના | બદલાવેલ ઈ.વી.એમ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | | B.U. | C.U. |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| | નગરપાલિકા (પેટા) | | | | | | | | | | | | | | | |
| ૧ | વલસાડ | વલસાડ (વો.નં.૬) ચૂં.૨૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | 0.00 | 0.00 | 0.00 | કોર્ટ મેટર | | |
| ૨ | રાજકોટ | જેતપુર– નવાગઢ(વો.નં.૩) | ૧ | ૧ | ૩૩૬૫ | ૨૮૩૨ | ૬૧૯૭ | ૧૯૯૪ | ૧૫૬૮ | ૩૫૬૨ | ૫૯.૨૬ | ૫૫.૩૭ | ૫૭.૪૮ | ના | - | - |
| ૩ | રાજકોટ | ભાયાવદર(વો.નં.૪,૭) | ૨ | ૨ | ૨૩૫૧ | ૨૧૫૭ | ૪૫૦૮ | ૧૨૪૬ | ૧૦૦૯ | ૨૨૫૫ | ૫૩.૦૦ | ૪૬.૭૮ | ૫૦.૦૨ | ના | - | - |
| ૪ | કચ્છ | ભૂજ (વો.નં.૨) | ૧ | ૧ | ૫૫૪૧ | ૪૮૮૮ | ૧૦૪૨૯ | ૨૬૧૪ | ૨૪૧૪ | ૫૦૨૮ | ૪૭.૧૮ | ૪૯.૩૯ | ૪૮.૨૧ | ના | - | - |
| ૫ | જૂનાગઢ | વિસાવદર (વો.નં.૩) | ૧ | ૧ | ૧૧૯૧ | ૧૦૮૦ | ૨૨૭૧ | ૮૩૨ | ૭૨૪ | ૧૫૫૬ | ૬૯.૮૬ | ૬૭.૦૪ | ૬૮.૫૨ | ના | - | - |
| ૬ | દેવભૂમિદ્વારકા | ઓખા (વો.નં.૮) | ૧ | ૧ | ૨૮૬૫ | ૨૬૬૩ | ૫૫૨૮ | ૧૩૮૪ | ૧૨૦૭ | ૨૫૯૧ | ૪૮.૩૧ | ૪૫.૩૨ | ૪૬.૮૭ | ના | - | - |
| ૭ | આણંદ | આણંદ (વો.૮) | ૧ | ૧ | ૫૯૭૨ | ૫૮૯૦ | ૧૧૮૬૨ | ૧૮૧૮ | ૧૫૧૬ | ૩૩૩૪ | ૩૦.૪૪ | ૨૫.૭૪ | ૨૮.૧૧ | ના | - | - |
| ૮ | મોરબી | વાંકાનેર (વો.નં.૩) | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | 0.00 | 0.00 | 0.00 | બિનહરીફ | - | - |
| ૯ | અમરેલી | બગસરા (વો.નં.૨,૩) | ૨ | ૨ | ૪૧૯૦ | ૩૮૬૩ | ૮૦૫૩ | ૨૨૩૦ | ૧૭૬૧ | ૩૯૯૧ | ૫૩.૨૨ | ૪૫.૫૯ | ૪૯.૫૬ | ના | - | - |
| | | કુલ | ૧૦ | ૧૦ | ૨૫૪૭૫ | ૨૩૩૭૩ | ૪૮૮૪૮ | ૧૨૧૧૮ | ૧૦૧૯૯ | ૨૨૩૧૭ | ૪૭.૫૭ | ૪૩.૬૪ | ૪૫.૬૯ | – | ૦ | ૦ |

Scanned by CamScanner